શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન ● વર્ષ : ૩ ● અંક : ૩૪ ● સળંગ અંક : ૧૩૯ ● તા.૦૬ ફેબ્રુઆરી થી ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૧

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir,
Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.

## નીશિથભાઈ દંડની PPE કીટો વપરાશે ઈન્ડિયન આર્મીમાં



## ઐતિહાસિક આગેકૂચ



SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494


જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# આદર્શવાદી કરતાં વ્યવહારૂ બનવું સારું

જિંદગીના વ્યવહારનો આ એક સરળ નિયમ છે કે જે સીધા સરળ અને સાદી પ્રકૃતિના હોય તેને કાપવા, તેને કદ મુજબ વેતરી નાખવા સૌ તત્પર હોય છે. આ દુનિયા સાવ સરળ અને સીધા એવા જણની જિંદગી બહુ સરળ અને સીધી રહેવા દેતી નથી. જંગલના વૃક્ષોને કાપતા કઠિયારો વાંકા ચૂંકા, આડા અવળા વૃક્ષોને હાથ નથી લગાડતો પણ સીધા, અડગ ઊભા અને અડીખમ રહેતા ઝાડને વીણી વીણીને કાપે છે. આડો અવળો આકાર ધરાવતા ઝાડને કાપવાનું કઠિયારો પણ વિચારતો નથી. જંગલનો આ કાનૂન કે ધારો છૂપી રીતે અહીં પણ જાણે લાગુ પડે છે. જે વૃક્ષ વાંકા, કાંટાવાળા, ગાંઠવાળા અને આડા અવળા ફેલાયલા હોય એ કુહાડીના મારથી બચી જાય છે.

એટલે સરળ હોવું, સાચા અને સીધા સપાટ હોવું જાણે આ સમયનો મોટો ગુનો છે. વધુ પડતાં સીધા સરળ માણસની હાલત આજે લોકો કપરી કરી નાંખે છે. એટલે સ્વભાવથી અળવીતરા બોલચાલથી કટુવાણી ધરાવતા અને સામૂહિક કાર્યમાં અસહકાર્ય કરનારાઓ જાણે ઝાડી ઝાંખરા પોતાની આસપાસ ઊભા કરી દે છે જેને લીધે કોઈ અડી શકતું નથી કે તેનાથી સૌ દૂર રહે છે. સરળ વ્યક્તિ જરા ઓછા સરળ બને, થોડા વ્યવહારું બને અને પોતાના ચશ્માથી નહી અન્યના ચશ્માથી જગતના વ્યવહાર દર્શનને નિહાળે, થોડા ગણતરી બાજ બને. કારણ કે જગતમાં રહેવું છે તો થોડુંક તેના જેવું બનવું જોઈએ. સ્વનું અસ્તિત્વ જાળવવા માટે દુનિયાની પ્રચલિત રીત અપનાવી પડે, ઉપયોગ થતા કાવાદાવાને સમજવા જોઈએ. આપણી સામે થતા કારસાને સમજવાને શીખવા પડે. દરેક લડાઈ કંઈ કશું મેળવવા માટેની નથી હોતી. એ કોકના અસ્તિત્વને બચાવવા માટેની હોય છે. ટકી રહેવા ખમીર સાથે મરું કાં મારું ની ધ્યેયથી લડાઈ લડવી પડે છે.

જગતમાં ઉપયોગી થનાર સીધા હોય છે. સાચું કહીએ તો જે સરળ હોય છે તેનો લોકો ઉપયોગ કરી લે છે. પણ સરળ સ્વભાવના વ્યક્તિને આની જાણ પણ થતી નથી કે તેનો ઉપયોગ લોકો કરી રહ્યાં છે. આ અજાણતા તેમના સ્વભાવની, સરળતાની છે. જે માનવીઓ અકોણા, અળવીતરા હોય જે પોતાને પણ કામમાં નથી આવતા તે પારકાને શું ઉપયોગી થવાના? જીવનનું આદર્શ વ્યવહારું થવામાં છે. જેઓ પોતાના આદર્શને ત્યજી દેતા નથી, ખોટા ખરાબ કામ કરતાં નથી, અન્ય ને દુ:ખ દર્દ આપવા માટે તેમનું જિગર ચાલતું નથી. તેઓ પોતાની જગા આપોઆપ મેળવી લે છે અથવા તો ભીડ પોતાની રીતે તેમને રસ્તો આપી દે છે. કારણ કે અન્યથી નોખા પડનારા લોકો અનોખા રહેવાના જ.

બહુધા લોકો ભૌતિકવાદી હોય ત્યારે એમાં પોતાનું સ્થાન બનાવવા, અડગતાથી ઊભા રહેવા માટે તકલીફ પડવાની પણ જેમ કાદવમાં કમળ પોતાની જગ્યા બનાવી જ લે છે તે છતાં કાદવની ગંદકીથી લિપ્ત થતું નથી. આવા આદર્શવાદી વ્યક્તિઓ ખોટા કામ કરતાં નથી. ખોટી રીત આચરણ કરતાં નથી તે છતાં પોતાનું અસ્તિત્વ ટકાવી શકે છે. પોતાની અલગ ઓળખ, અલગ પ્રતિભા બતાવી શકે છે. જીવન આદર્શો પ્રમાણે જીવવાં કરતાં વ્યવહારુ થઈને જીવવું વધુ સારું છે. આદર્શોને માપદંડ તરીકે અપનાવવું માર્ગ તરીકે નહીં. તો જ એ વ્યવહારુ રસ્તો આપણા માટે થઈ શકે.

– જય જ્ઞાતિમૈયા

# ગુસ્સો જુસ્સો બનવો જોઈએ

## સેક્રેટરીના બે બોલ.. ✍



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

ક્રોધ એ કર્મ છે. જેમ કેટલા કર્મ તરત થાય એના ફળ પણ તાત્કાલિક મળે. જ્યારે અમુક કર્મ હાલ થાય પણ તેના પરિણામને સમય લાગે, તો ક્યારે પરિણામ મળે એ પણ કહી શકાય નહીં. ક્રોધ, ગુસ્સો, આવેશ, આવેગ, રોષ, કોપ, ખોફ મન અને તનના છૂપા દુશ્મન છે. ક્યારેક કોઈ અનુચિત મનને ન ગમતી ઘટના ઘટે ત્યારે તરત જે બહાર તેનો પ્રતિઘાત પડે એ છે ક્રોધ. એ ક્યારે, ક્યાં, કોની ઉપર વરસે તે કહી શકાય નહીં. પણ એની આડઅસર વ્યાપક અને જલદ હોવાની એ નક્કી. ક્રોધની આગ એના કર્તાના જીવને અને લોહી માંસ મજ્જાને બાળીને ખાખ કરે છે.

ક્રોધ એક દુર્ગુણ છે. એનો જેમ જલદી ત્યાગ કરીએ એટલું આપણા માટે જ સારું છે. ગુસ્સો શાને માટે આવે છે એનો ગહન અભ્યાસ વ્યક્તિએ કરવો જોઈએ કાં તો પછી એનું ગહન ચિંતન કરવું જોઈએ. જેથી તેના વિકાર રૂપ પરિણામોથી બચી શકાય. ગુસ્સાનો જ્વાળામુખી ફાટે ત્યારે તે અત્ર, તત્રને સર્વત્ર વિનાશ વેરે છે. એટલે ક્રોધ શાંત પડે એટલે એના પરિણામો પર પણ નજર નાખી જોઈ જવું જોઈએ કે એનાથી આપણને અને આપણાઓને કેટલું નુકસાન થયું છે. આમ ક્રોધ પછીના લાભા લાભનો સરવૈયું કાઢી સર્વ પરિસ્થિતિનું મુલ્યાંકન કરવું જોઈએ.

ગુસ્સાને જો જુસ્સામાં ફેરવી નાખી એ તો એ જોમ, બળ અને શક્તિ બનીને તાકત રૂપે પ્રગટે છે. જે વિકાસ, ઉન્નતિનો કારક બની શકે છે. આમ ગુસ્સાને અંકુશમાં રાખવા માણસે વિવેક અને વિનયનો સંગમ તથા સંયોજન કરવું જરૂરી છે. ગુસ્સો બહાર પ્રગટે ત્યારે આપણને ઘણી હાનિ કરાવે છે તેને બદલે જો એને અંદર ઘરબી દઈએ, બહાર પ્રગટ ન કરીએ અને ગુસ્સાને જુસ્સામાં પરિવર્તિત કરી દઈએ તો એક નવી ઊર્જા બની આપણી સફળતાનો કારક બને છે. એટલું નક્કી છે. જે માટે ક્રોધને સંયમના દોરથી બાંધવું પડશે, નાથવું પડશે તો પ્રગતિનો પંથ જરૂર સાંપડશે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# નીશિથભાઈ દંડ દ્વારા ઉત્પાદિત

# PPE કીટો ઈન્ડિયન ડિફેન્સ વિભાગમાં





સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ નીશિથભાઈ દંડ એ જ્યારથી સમસ્ત મહાજનના સેક્રેટરી પદે જવાબદારી સંભાળી છે ત્યારથી તેમણે દરેકે દરેક ક્ષેત્રમાં યોગ્ય માર્ગદર્શન અને પોતાની કોઠાસુજથી તેમના જાહેર જીવન તેમજ વ્યવસાયિક ક્ષેત્રે અને સામાજિક ક્ષેત્રે કુદકે ને ભુસકે પ્રગતિઓ કરતા જ આવ્યા છે.

નીશિથભાઈનું માનવું એમ છે જે કાર્ય કરવું તે દિલથી કરવું અને પુરી વિચારધારા લગાડી પછી એનો અમલ કરીએ તો તેમા સફળતા જ જરૂરથી મળે છે જે તેમણે પુરવાર કરી આપ્યું છે તેમણે જ્ઞાતિ ક્ષેત્રે ચતુર્થ સંમેલન યોજી જરૂરતમંદોને તબીબી સહાય પહોંચાડવાનું કાર્ય કરી બતાવ્યું, નારીઓને આત્મનિર્ભર બનાવવાની શરૂઆત કરી નાખી, દિવ્યાંગો માટે એક નવી દિશા કરી આપી અને નાના-મોટા ઉદ્યોગો માટે પણ એમની પાસે અનેક ઉમદા યોજનાઓ પાઈપલાઈનમાં તો છે જ, સાથે સાથે તેમણે પોતાની જે મૂળભૂત વ્યવસાય છે તે ઈન્ડસ્ટ્રીને પણ મોડર્ન ટેક્નોલોજીથી અપગ્રેડ કરી અને ભારત દેશ માટે એક આગવું સ્વ રક્ષણ કરી શકે તેવી પીપીટી કીટો બનાવી અને તેમની સેફ્ટી સોલ્યુશન ઉત્પાક કું. સ્યોર સેફ્ટીના સંરક્ષણ વિભાગના ૨ - ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશન જે સંરક્ષણ ખાતાની જરૂરિયાતોનું ઉત્પાદન અને વિકાસ માટે સંશોધન કરતો

# નીશિથભાઈ દંડ દ્વારા ઉત્પાદિત
# PPE કીટો ઈન્ડિયન ડિફેન્સ વિભાગમાં



વિભાગ છે તેની સાથે કેન્દ્રિય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંગની ઉપસ્થિતિમાં ૨ અધિકારી અને કાું.ના એક્ઝિક્યુટીવ ચેરમેન નિશિથ દંડ સાથે ટેક્નોલોજી ટ્રાન્સફરના એગ્રીમેન્ટના કરારોનું આદાન પ્રદાન કરાયું. આ કરારથી આત્મનિર્ભર ભારતના સૂત્રને સાર્થક થશે એમ નિશિથ દંડ એ જણાવ્યું હતું.

---

# અચલગચ્છનાયક મ.સા.ને અચલગચ્છાધિપતિશ્રી ની પદવી પ્રદાન કરવાનો નિર્ણય કરાયો



સુધર્મા સ્વામિના પાટ પરંપરામાં ૭૮મા પટ્ટધર સાહિત્ય દિવાકર સૌમ્ય સ્વભાવી રાજસ્થાન દક્ષિણ દિપક અચલગચ્છનાયક પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ને અચલગચ્છાધિપતિશ્રીની પદવી પ્રદાન કરવાનું ઉમળકાભેર નક્કી કરાયું છે. જેનું ભવ્ય આયોજન શુભ મુહૂર્તે યોગ્ય સમયે મુંબઈ મુકામે થશે એવું શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતામ્બર જૈન સંઘના પ્રમુખશ્રી રતનલાલ દેવીચંદજી વડેરા દ્વારા એલાન કરાયું છે. આ સમાચાર જાણી ચતુર્વિધ સંઘમાં, ગુરૂભક્તોમાં ખુશીની લહેર ફરી વળી છે અને બનતી વહેલાએ પદવી પ્રદાન કાર્યક્રમ માણવા મળે એવા અસ્માન એવી રહ્યા છે.

# જ્ઞાતિ એક્સપર્ટો દ્વારા બજેટ ૨૦૨૧-૨૨નું વિશ્લેષણ

નાણા મંત્રી નિર્મલા સીતારમણના બજેટમાં કોરોના મહામારી વચ્ચે નાણામંત્રીએ આજે પ્રથમ વખત ડિજિટલ અવતારમાં બજેટ રજૂ કર્યું છે.



**કુમાર દંડ**

નાણા મંત્રી નિર્મલા સીતારમણના બજેટમા નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે આજે મોદી સરકારે બજેટ (Union budget 2021-22) રજૂ કર્યું છે. કોરોના કાળમાં મંદ પડી ગયેલી અર્થવ્યવસ્થાને ગતિ આપવા માટે બજેટમાં અનેક જાહેરાત કરવામાં આવી છે. કોવિડ-૧૯ને કારણે દેશમાં લગાવવામાં આવેલા લોકડાઉન (Lockdown)ને કારણે અર્થતંત્રને ખૂબ મોટું નુકસાન થયું છે. ત્યારે જાણે બજેટમાં નાણા મંત્રી (FM Nirmala Sitharaman)એ મોટી જાહેરાત કરી છે.

**ઉજ્જવલા સ્કીમ :** ઉજ્જવલા સ્કીમનો લાભ ૧ કરોડ લાભાર્થીઓ સુધી પહોંચાડવામાં આવશે.

**વીમો :** કેન્દ્ર સરકારે વીમા ક્ષેત્રમાં સુધારો કરીને FDIની મર્યાદા ૪૯ ટકાથી વધારીને ૭૪ ટકા કરી દીધી છે.

**કંપની એક્ટમાં સુધારો :** નાણા મંત્રીએ કહ્યુ કે તેમની સરકાર લોકસભામાં કંપનીઝ એક્ટ ૨૦૧૩ માટે સંશોધન પ્રસ્તાવ લાવશે. નાની કંપનીઓ માટે માર્કેટ કેપિટઇઝેશનની મર્યાદા ૫૦ લાખથી વધારીને ૨ કરોડ રૂપિયા કરવામાં આવશે. નાની કંપનીઓ માટે કુલ ટર્નઓવર ૨ કરોડ રૂપિયાથી લઈને ૨૦ કરોડ રૂપિયા કરવામાં આવશે.

**આ પણ વાંચો** : Budget 2021: નાણા મંત્રીએ વોલેન્ટરી વ્હિકલ સ્ક્રેપિંગ પોલિસીની કરી જાહેરાત

**બેંકોના રિ-કેપિટલાઈઝનશ માટે ૨૦ હજાર કરોડ રૂપિયા :** બેંકના રિ-કેપિટલાઇઝેશન માટે ૨૦ હજાર કરોડ રૂપિયા આપવામાં આવશે. સરકારી બેંકોની બુક બરાબર કરવા માટે ભાર આપવામાં આવશે.

**રેલ મંત્રાલય માટે ૧.૧૦ લાખ કરોડની ફાળવણી :** નાણાકીય વર્ષ ૨૦૨૨ માટે રેલવે મંત્રાલયને ૧,૧૦,૦૫૫ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવશે. જેમાં ૧,૦૭,૧૦૦ કરોડ રૂપિયા કેપેક્સ માટે હશે.

**ડિસ્કોમ્સ માટે ત્રણ લાખ કરોડ રૂપિયાની જાહેરાત :** નાણામંત્રીએ કહ્યુ કે વીજળી વિતરણ કંપનીઓને ત્રણ લાખ કરોડ રૂપિયાની રાહત આપવામાં આવશે.

**તામિલનાડુને ૩,૫૦૦ કિલોમીટર લાંબો રાષ્ટ્રીય ધોરીમાર્ગ :** આ માટે સરકાર ૧.૩ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરશે. કેરળમાં ૧,૫૦૦ કિલોમીટરના નેશનલ હાઇવેની યોજના છે. જેના પાછળ ૬૫ હજાર કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે. ભારત માલા પ્રોજેક્ટ પાછળ ૧૩,૦૦૦ કિલોમીટરના રોડ બનાવવામાં આવશે. માર્ચ ૨૦૨૦ સુધી ૮,૫૦૦ કિલોમીટરનો વધારાના રોડ બનાવી દેવાશે.

**ત્રણ વર્ષમાં સાત ટેક્સટાઇલ પાર્ક બનશે :** નાણા મંત્રીએ મેન્યુફેક્ચરિંગ સેક્ટર અંગે કહ્યુ કે આ ક્ષેત્રમાં બે ડિજિટ ગ્રોથની જરૂર છે. પીએલઆઈ સ્કીમ ઉપરાંત સરકાર મેગા ઇન્વેસ્ટમેન્ટ ટેક્સટાઇલ પાર્ક લોંચ કરશે.

**જૂના વાહનો માટે સ્ક્રેપ પોલિસી :** વાયુ પ્રદૂષણ ઓછું કરવા માટે સરકારે નવી સ્ક્રેપિંગ પોલિસી જાહેર કરી છે. આ અંગેની વધારે માહિતી હવે આપવામાં આવશે.

**પીએમ સ્વાસ્થ્ય ભારત યોજના :** આ યોજના પર સરકાર આગામી છ વર્ષમાં ૬૪,૧૮૦ કરોડ રૂપિયા ખર્ચ કરશે.

**અર્બન સ્વચ્છ ભારત મિશન :** નાણા મંત્રીએ કહ્યુ કે, સરકાર ૧,૪૧,૬૭૮ કરોડ રૂપિયાના ખર્ચ સાથે અર્બન સ્વચ્છ ભારત મિશન લોંચ કરી રહ્યા છે. આગામી પાંચ વર્ષ સુધી આ રકમ ખર્ચ કરવામાં આવશે.

# જ્ઞાતિ એક્સપર્ટો દ્વારા બજેટ ૨૦૨૧-૨૨નું વિશ્લેષણ



**C.A. કેતકી ડાઘા**

**જ્ઞાતિમૈયાએ સોમવાર, તા. ૧ ફેબ્રુઆરીના નાણામંત્રી નિર્મલા સીતારામન દ્વારા રજૂ કરાયેલા કેન્દ્રીય બજેટ ૨૦૨૧ અંગે સી.એ. કેતકી ડાઘાને અભિપ્રાય પૂછ્યો હતો.**

**પ્રસ્તુત છે એ નિષ્ણાતોના દ્વારા અપાયેલી બજેટની હાઈલાઈટ્સ :**

૧૦ કરોડથી વધુ ટર્નઓવર અને પ્રતિ વેન્ડર ૫૦ લાખથી વધુ ટ્રાન્ઝેકશન વેલ્યુ ધરાવતી વ્યક્તિને તેના માલ (ગુડ્સ)ની ખરીદી ઉપર ટીડીએસ લાગુ પડશે. જો કોઈ ટ્રાન્ઝેકશન ઉપર સેક્શન ૨૦૬સી (૧એચ) હેઠળ ટીડીએસની સાથે ટીસીએસ પણ જરૂરી હોય તો એ ટ્રાન્ઝેકશન ઉપર આ સેક્શન હેઠળ ફક્ત ટીડીએસ કરવાનું રહેશે.

## ડાયરેક્ટ ટેક્સીસ (સીધા કરવેરા)

- અનિર્ણિત (પેન્ડિંગ) દાવાઓ માટે વિવાદ સે વિશ્વાસ સ્કીમ, ફાઈલિંગ માટેની અંતિમ તારીખ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૧ સુધી લંબાવવામાં આવી.
- ૭૫ વર્ષ અને તેની ઉપરની ઉમરના ફક્ત પેન્શન અને વ્યાજની આવક ધરાવતા વરિષ્ઠ નાગરિકોને હવે ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવામાંથી મુક્તિ આપવામાં આવી છે
- એસેસમેન્ટ રિ-ઓપનિંગની સમય મર્યાદા ૬ વર્ષથી ઘટાડીને ત્રણ વર્ષની કરવામાં આવી. ફક્ત ૫૦ લાખ કે તેથી વધુની આવક છૂપાવવાના પૂરાવા હોય તો Principal chief commissioner of Income Tax ની મંજૂરી પછી એસેસમેન્ટનું રિ-ઓપનીંગ કરી શકાશે.
- નાના કરદાતાઓના દાવાઓ ઘટાડવા ૫૦ લાખ સુધીની કુલ આવક અને ૧૦ લાખ સુધીની વિવાદિત (ડિસ્પ્યુટેડ) આવક વાળા કરદાતાઓ માટે ફેસલેસ ડિસ્પ્યુટ રીઝોલ્યુશન પેનલની રચના કરવામાં આવી છે.
- ઇન્કમટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલને ફેસલેસ બનાવવામાં આવી. હવેથી ફક્ત ઈલેક્ટ્રોનિક માધ્યમથી જ પત્રવ્યવહાર (કમ્યુનિકેશન) કરવામાં આવશે. જો રૂબરૂમાં સુનાવણી કરવાની જરૂર હશે ત્યાં તે વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા કરવામાં આવશે.
- એનઆરઆઈને રાહત-તેમને ડબલ ટેક્સેશનની મુશ્કેલી દૂર કરવા નવા નિયમોનો અમલ થશે
- પાંચ ટકા કરતાં ઓછા કેશ ટ્રાન્ઝેકશન કરનારા વેપારીઓ માટે ટેક્સ ઓડિટની મર્યાદા પાંચ કરોડથી વધારીને ૧૦ કરોડની કરાઈ.
- ડિવિડંડ ટેક્સ-ડિવિડંડની રકમમાંથી ટીડીએસ કપાત નહીં કરાય. ડિવિડંડ ઇન્કમ પર ટેક્સ લાયેબિલિટી ડિવિડંડના ડિકલેરેશન અથવા તેના પેમેન્ટ પછી જ લાગુ થશે. ફોરેન ઇન્વેસ્ટર્સને લોઅર ટ્રીટી રેટ બેનિફિટ આપવામાં આવશે.
- અફોર્ડેબલ હાઉસિંગમાં ઘર ખરીદનારને વ્યાજમાં ૧.૫લાખ સુધીની વધારાની છૂટનો સમય એક વર્ષ વધારીને ૩૧ માર્ચ ૨૦૨૨સુધીનો કરી દેવામાં આવ્યો છે
- અફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટમાં ટેક્સ હોલીડેને ૩૧ માર્ચ ૨૦૨૨ સુધી લંબાવવામાં આવ્યો.
- કેપિટલ ગેઇન, ડિવિડન્ડ ઈન્કમ અને વ્યાજની ઇન્કમ રીટર્નમાં અગાઉથી ભરેલી (પ્રિ-ફિલ્ડ) હશે.
- મોડું ભરાયેલું (બીલેટેડ) રીટર્ન અથવા રિવાઈઝ્ડ રીટર્ન સંબંધિત એસેસમેન્ટ વર્ષના અંતથી ત્રણ મહિના પહેલાં અથવા એસેસમેન્ટ વર્ષ પૂરું થવા પહેલાં, (એ બેમાંથી જે કંઈ પણ વહેલું હોય) ભરવાનું રહેશે.
- હોસ્પિટલ્સ અને શૈક્ષણિક સંસ્થાઓ ચલાવતા ચેરિટેબલ ટ્રસ્ટને રાહતની રકમ ૧ કરોડથી વધારીને ૫ કરોડની કરાઈ.
- એમ્પ્લોયર દ્વારા એમ્પ્લોયી કોન્ટ્રીબ્યુશન લેટ ડિપોઝીટ કરશે તો તે ડિડકશન તરીકે મંજૂર કરવામાં નહીં આવે.
- સ્ટાર્ટ-અપ્સ માટે ટેક્સ હોલીડે ૩૧ માર્ચ ૨૦૨૨ સુધી લંબાવવામાં આવ્યો. સ્ટાર્ટ-આપસમાં ઇન્વેસ્ટમેન્ટ ઉપર કેપિટલ ગેઇન્સ એકઝેમ્પશનની મુદત પણ ૩૧ માર્ચ ૨૦૨૨ સુધી લંબાવવામાં આવી.

# જ્ઞાતિ એક્સપર્ટો દ્વારા બજેટ ૨૦૨૧-૨૨નું વિશ્લેષણ

**ઈનડાયરેક્ટ ટેક્સીસ (આડકતરા કરવેરા)**

● કસ્ટમ ડ્યુટી સ્ટ્રક્ચરમાં જૂના અને અપ્રચલિત (આઉટડેટેડ) એક્ઝેમ્પશન્સને રદ કરી તેને વ્યવહારુ બનાવાઈ

● તાજેતરમાં લોખંડ અને સ્ટીલના ભાવમાં થયેલા વધારાથી અસરગ્રસ્ત એમએસએમઈ અને એ ધાતુઓના વપરાશકારોને સપોર્ટ

● હાથે બનાવાતા કાપડ ઉદ્યોગ (મેન-મેઈડ ટેક્સટાઈલ્સ)ને રો મટીરીયલ ઈનપુટ ઉપર લાગતી ડ્યુટીને વ્યવહારિક બનાવાઈ

● સોના અને ચાંદી ઉપરની કસ્ટમ ડ્યુટીને વ્યવહારિક બનાવાઈ

● નાની સંખ્યાની આઈટેમ્સ ઉપર એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડેવલપમેન્ટ સેસ

● જીએસટી ઓડિટનું પ્રાવધાન (પ્રોવિજન) રદ કરાયું.

**MCA, કંપનીઝ એક્ટ, LLP એક્ટ**

● નાની કંપનીઓની કોમ્પ્લાયન્સ રીક્વાયરમેન્ટ હળવી કરવામાં આવી -હવે ૨ કરોડ સુધીની શેર કેપિટલ અને ૨૦ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતી કંપનીઓ સ્મોલ કંપની ગણાશે.

● એક વ્યક્તિની કંપની (વન પર્સન કંપની -ઓપીસી)ને શેર કેપિટલ અથવા ટર્નઓવરના કોઈ પણ નિયંત્રણ વગર વૃદ્ધિ પામવાની છૂટ. એનઆરઆઈને ઓપીસી સ્થાપવાની છૂટ અપાશે. ઓપીસી શરૂ કરવા માટે ભારતમાં એક વર્ષમાં ૧૨૦ દિવસનો વસવાટ પૂરતો થઇ રહેશે.

● MCA વર્ઝન 3.0 અંતર્ગત ઈ-સ્કુટીની, ઈ-એડજ્યુડીકેશન અને કોમ્પ્લાયન્સ મેનેજમેન્ટને સરળ બનાવવામાં આવશે.

● LLP એક્ટ, ૨૦૦૮નું ડીક્રીમિનલાઈઝેશન

**અમારો અભિપ્રાય**

*બજેટ ૨૦૨૧માં કોઈ વધારાના નવા કરવેરા ન હોવાથી તે સામાન્ય નાગરિક માટે સારું બજેટ લાગી રહ્યું છે. મહામારીને લીધે ખૂબ જ ખરાબ રીતે અસર પામેલા અર્થતંત્રને ફરી બેઠું કરવાની સરકારની જવાબદારી હોવાથી તે ખૂબ ઉદાર (લિબરલ) બજેટ પણ છે. ભારતનો વિકાસ અને તેના વૃદ્ધિ દરમાં વધારો કરવાનું આ બજેટનું લક્ષ્ય છે. બજેટ ૨૦૨૧ સરકારના ઘોષણાપત્રમાં જણાવેલા આત્મનિર્ભર ભારત, ડિજિટલ ઇન્ડિયા અને વેપાર કરવામાં સરળતા (ઈઝ ઓફ ડૂઇંગ બિઝનેસ)ના સંકલ્પોને અનુરૂપ છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ જેવા કે રોડ, રેઇલ અને જળમાર્ગ, ઊર્જા ઉત્પાદન માટે ઘણી જોગવાઈ રાખવામાં આવી છે. પૂર્વના રાજ્યો તેમજ જમ્મુ અને કાશ્મીર માટે સ્પેશિયલ પેકેજ ફાળવવામાં આવ્યું છે. આ બધા પગલાને લીધે સ્ટોક માર્કેટમાં પણ ઉછાળો આવ્યો છે અને ઇન્ડેક્સ ૨૩૧૫ વધીને બંધ થયો છે.*

**સંયોજક : સી.એ. કેતકી ડાઘા**


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# જ્ઞાતિ એક્સપર્ટો દ્વારા બજેટ ૨૦૨૧-૨૨નું વિશ્લેષણ



**સીએ રાજીવ લુઠીયા**



**સીએ કરણ લોડાયા**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની એનડીએ સરકારનું આ સળંગ ૭મું બજેટ છે. કોવિડ મહામારીની વચ્ચે ૨૦૨૦નું વર્ષ સમગ્ર વિશ્વ માટે એક અનોખું વર્ષ હતું. જગતના ઘણખરા દેશોનું અર્થતંત્ર નેગેટીવ વૃદ્ધિ દર નોંધાવીને પાટા પરથી ઉતરી ગયું હતું. આ બધા પડકારો વચ્ચે આપણા નાણામંત્રી નિર્મલા સીતારામને તેમના કાર્યકાળનું બીજું અને વર્ષ ૨૦૨૧-૨૨ માટેનું જે બજેટ રજૂ કર્યું છે તે સ્થિર (સ્ટેબલ), વ્યવહારુ (પ્રાગ્મેટિક) અને ભારતના વિકાસ માટે લાંબા સમયની અસર ધરાવતું બજેટ છે. સરકારની નીતિઓ (પોલિસી)ની જાહેરાત અને તેના પાલનની દૂરદર્શિતા સંબંધે આ એક ઉદાર બજેટ છે જેમાં વ્યક્તિગત કે કોર્પોરેટ ટેક્સમાં કોઈ વધારો કરવામાં નથી આવ્યો. સાથે સાથે બજેટ ખાનગીકરણ (પ્રાઈવેટાઈઝેશન)ને વેગ આપતું અને ભારતમાં વેપાર કરવાની પ્રક્રિયાને સરળ બનાવવામાં દુરંદેશી નીતિઓ અને ટેકનોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપનારું છે. આ સર્વ બાબતોએ આ બજેટને સકારાત્મક બનાવવામાં ખૂબ મોટું યોગદાન આપ્યું છે. આત્મનિર્ભર ભારત તરફ ગતિશીલ થવા કસ્ટમ ટેરીફ કાયદામાં સુધારા કરીને ડ્યુટી વધારવા માટે વ્યવહારુ બનાવવામાં આવ્યા છે. ટેક્સ એડમિનિસ્ટ્રેશનના ક્ષેત્રમાં ટેકનોલોજી અને કૃત્રિમ બુદ્ધિમત્તા (આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ)ના ઉપયોગ પર વધુ ભાર મુકવામાં આવ્યો છે. અમને વિશ્વાસ છે કે શરૂઆતની થોડી મુશ્કેલીઓ પછી આ બજેટ ટેક્સ સંબંધી દાવાઓ (લિટીગેશન) જ નહીં, અન્ય લિટીગેશનના બેકલોગને ઘટાડવામાં પણ અસરકારક રહેશે.

આટલી પૂર્વભૂમિકા આપ્યા પછી આ લેખમાં અમે બજેટ ૨૦૨૧માં જીએસટી સંબંધિત મહત્વની દરખાસ્તો અંગે વાચકોને માહિતી આપવા પ્રયત્ન કર્યો છે.

- આ બજેટમાં દરખાસ્ત મુકવામાં આવી છે કે પર્સન(એક વ્યક્તિ અથવા ઈન્ડીવિડ્યુઅલ સિવાય) જેવી કે એસોસિએશન ઓફ પર્સન, બોડી ઓફ ઈન્ડીવિડ્યુઅલ, કો-ઓપરેટીવ સોસાયટી, કલબ્સ વગેરે અને તેના મેમ્બરને બે અલગ અલગ પર્સન્સ ગણવામાં આવશે. તેથી કોઈ પણ પર્સન્સ (ઈન્ડીવિડ્યુઅલ સિવાયના) દ્વારા તેમના મેમ્બરને ગુડ્સ/સર્વિસીઝના સપ્લાય કરવામાં આવશે તો તેના ઉપર જીએસટી ચૂકવવા પાત્ર રહેશે. આ સુધારાને લીધે માનનીય કોર્ટ દ્વારા સર્વિસીઝના સપ્લાય અંગે મ્યુચ્યુઆલિટી પ્રિન્સિપલ્સ હેઠળ અપાયેલા ચુકાદાઓ રદ કરશે. અગાઉ કોર્ટે ચૂકાદાઓ આપ્યા છે જેમાં કહેવામાં આવ્યું છે કે કલબ અને તેના મેમ્બર્સ એ એક જ 'એન્ટીટી' છે અને તેમના વચ્ચે ટ્રાન્ઝેકશનને સર્વિસ ગણી શકાય નહીં. આ સુધારો પાછળની તારીખ ૧ જુલાઈ ૨૦૧૭થી અમલમાં આવેલો ગણાશે.
- ઈનપુટ ટેક્સ ક્રેડિટ (આઈટીસી) એ જીએસટીનો મધ્યસ્થ વિચાર છે. જીએસટી અમલમાં આવ્યા પછીના ત્રણ વર્ષમાં સરકારના ધ્યાનમાં એવા ઘણા કેસ આવ્યા છે જેમાં આઈટીસીના પ્રોવિઝનનો એક યા બીજી રીતે દુરુપયોગ કરવામાં આવ્યો છે જેને લીધે સરકારી તિજોરીને ખોટ ગઈ છે. તેથી આ બજેટમાં આઈટીસી આપવા માટેના પ્રોવિઝન કડક બનાવતા સુધારાઓ લાગુ કરવા અંગેની દરખાસ્ત મુકવામાં આવી છે જેમાં કહેવામાં આવ્યું છે કે રજિસ્ટર્ડ પર્સન આઈટીસી લેવાને પાત્ર એ શરતે રહેશે કે ઇન્વોઇસ/ડેબિટ નોટ ત્યારે જ મળશે જયારે તેની વિગતો ફોર્મ જીએસટીઆર ૧માં આપવામાં આવી હોય અને આઈટીસીની આ વિગતો ગુડ્સ/સર્વિસીઝ મેળવનારને તેના ફોર્મ જીએસટીઆર ૨એમાં આપવામાં આવી હોય. આના પરિણામે રજિસ્ટર્ડ ટેક્સ પેયરએ એ વાતની ખાતરી કરવી જોઇશે કે તેના વેન્ડરે જીએસટી ભર્યો છે અને તેના સંબંધિત રીટર્ન્સ વ્યવસ્થિત ભર્યા છે, અન્યથા તેને આઈટીસીનો કલેઈમ મળશે નહીં. બીજી રીતે કહીએ તો આઈટીસીના ગેરઉપયોગને અટકાવવાની ગવર્મેન્ટ ઓફિસરની ડ્યુટી હવે ટેક્સ પેયર (ASSESSEE) ઉપર નાખવામાં આવી છે.

# જ્ઞાતિ એક્સપર્ટો દ્વારા બજેટ ૨૦૨૧-૨૨નું વિશ્લેષણ

● નિર્ધારિત પ્રોફેશનલ જેવા કે સીએ અથવા સીડબલ્યુએ પાસેથી ફરજિયાત એકાઉન્ટ્સ ઓડિટ કરાવવાની જરૂરતને કાઢી નાખવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. આને લીધે એક રીતે કોમ્પ્લાયન્સના ખર્ચમાં ઘટાડો થશે પરંતુ અમારા મત પ્રમાણે લાંબા ગાળે એ વધારે મોંઘું પડશે, કારણ કે ક્લાયન્ટના જીએસટી કોમ્પ્લાયન્સનું વેરીફીકેશન કે સર્ટીફીકેશન નહીં થાય જેના લીધે કોમ્પ્લયન્સ શરતચૂકથી રહી ગયેલી ભૂલો સુધારવામાં આવતી હતી.

● સૌથી આવકારદાયક દરખાસ્ત એ છે કે ટેક્સ પીરીયડમાં થયેલા અને સેક્શન ૩૯ અંતર્ગત રીટર્નમાં ડિક્લેર કરાયેલા સપ્લાય ઉપર ચૂકવવા પાત્ર ટેક્સ જો મોડેથી ભરાયું હોય તો તેના ઉપરનું વ્યાજ ફક્ત ટેક્સના એ ભાગ ઉપર ભરવાનું રહેશે જે ઈલેક્ટ્રોનિક કેશ લેજરમાં ડેબિટ કરીને ભરાયું હોય. જો કે આ લાભ જ્યાં સેક્શન ૭૩ કે ૭૪ અંતર્ગત પ્રોસીડીંગની શરૂઆત થઇ ગઈ હોય અને ત્યાર બાદ જો રીટર્ન ભરાયું હોય તેને મળશે નહી. આને કારણે જીએસટીના લેટ પેમેન્ટ ઉપર વ્યાજ ફક્ત પેયેબલ જીએસટીમાંથી આઈટીસી ક્રેડિટ બાદ કર્યા પછી જે રકમ થાય તેના ઉપર જ ભરવાનું રહેશે.

● આ બજેટમાં એ પણ દરખાસ્ત રજૂ કરવામાં આવી છે કે હાલની જીએસટીની સેલ્ફ-એસેસમેન્ટ સ્કીમ અંતર્ગત અધિકારીઓ એવા કેસમાં પણ ટેક્સ રીકવરીની કાર્યવાહી શરૂ કરી શકે જ્યાં જીએસટીઆર-૧માં દાખવેલા સપ્લાય પર આધારિત ટેક્સ લાયેબીલિટી જીએસટીઆર-૩બી માં દાખવેલી ટેક્સ લાયેબિલીટી કરતાં પણ વધારે હોય.

● એવી પણ દરખાસ્ત મુકવામાં આવી છે કે એસઈઝેડ ને કરેલી સપ્લાયને ત્યારે જ ઝીરો રેટેડ સપ્લાય ગણવામાં આવશે જો તે ઓથોરાઇઝ્ડ ઓપરેશન્સ માટે ઉપયોગમાં લેવામાં આવી હોય. આ ઉપરાંત એક્સપોર્ટ (ઝીરો રેટેડ સપ્લાય) ઉપર આઈજીએસટીનું પેમેન્ટ ફક્ત નોટીફાઈડ વર્ગના ટેક્સપેયર અથવા ગૂડ્સ કે સર્વિસીસના નોટીફાઈડ સપ્લાય સુધી જ નિયંત્રિત રાખવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે.

● ગૂડ્સ એક્સપોર્ટ કરતા રજિસ્ટર્ડ પર્સનને જો ફેમા ૧૯૯૯ અંતર્ગત નિર્ધારિત સમયમાં જો સેલની રકમનું ચૂકવણી ન થાય તો તેને સીજીએસટી એક્ટના સેક્શન ૫૦ પ્રમાણે ક્લેમ કરેલ આઈટીસી વ્યાજ સાથે ડિપોઝીટ કરવાનું રહેશે.

# સાંધાણ તીર્થે શ્રી સ્નાત્ર મહોત્સવ સંગે પરમાત્મા અભિષેક દ્વારા ધર્મ આરાધના કરાઈ





શ્રી વિમલનાથ ભક્તિ ગ્રુપ વડોદરા દ્વારા કચ્છ અબડાસા પ્રદેશની મોટી પંચતીર્થીના સાંધાણ તીર્થે વિવિધ ઓષધિઓના દ્વારા શ્રી સ્નાત્ર મહોત્સવ તથા પરમાત્માનું અભિષેક સાથે ધર્મ આરાધનાઓ ભક્તિ ભાવપૂર્વક સંપન્ન કરાઈ. મુંબઈ તેમજ દેશ દેશાવરથી ગામવાસીઓ સારી સંખ્યામાં પધારેલ અને ધન્ય ધન્ય થઈ ભક્તિ ભાવનો આનંદ લાભ લીધો.



# શ્રી નવલ સદ્‌ગુણા નવગ્રહ ધ્યાનાલય દેવલાલીના ૨જો ધ્વજા મહોત્સવ રંગચંગે સંપન્ન થયો

શ્રી અનંત આરોગ્ય નિધિ દેવલાલી મધ્યે શ્રીનવલ સદ્‌ગુણા નવગ્રહ ધ્યાનાલયનો ૨જો ધ્વજા મહોત્સવ તા.૩૦ જાન્યુઆરી શનિવારે હર્ષ આનંદ અને ઉલ્લાસ ભાવથી રંગેચંગે સંપન્ન થયો.



વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષી માત્ર એક દિવસનો કાર્યક્રમ રખાયો હતો. મૂળનાયક શ્રી વિમલનાથ દાદાની ધ્વજાનો લાભ માતુશ્રી કલ્પનાબેન ભવાનજી રાઘવજી લોડાયા, સાંધવ-મુલુંડ, ગૌતમ સ્વામિની ધ્વજાનો લાભ ગૌતમ લોજેસ્ટિક પરિવાર નાસિક, શ્રી મહાકાલિ માતાજીની ધ્વજાના લાભાર્થી માતુશ્રી ધનબાઈ જેઠાભાઈ મૈશેરી હસ્તે માતુશ્રી વિજયાબેન શાંતિલાલ મૈશેરી, લાલા-મુલુંડ-દુબઈ.



અઢાર અભિષેક, ૧૭ ભેદી પૂજા વિધિકાર પ્રવીણ સાવલા અને ટીમએ કરાવી. ૨૨૫થી ૨૫૦ જણ ઉપસ્થિત રહી ધર્મ આરાધનાનો લાભ લીધો હતો. નવકારશીના દાતા માતુશ્રી વિજયાબેન વેરશી મોતા, સુથરી-અંધેરી, સ્વામિવાત્સલ્યના દાતા માતુશ્રી દમયંતીબેન ચાંપશી શાહ લોંખડવાલા સાંધવ-ઘાટકોપર, અષ્ટપ્રકારી પૂજાના ચડાવા પણ ચડતા ભાવે થયા, શ્રીમતી કલ્પનાબેન દિપક ધરમશીએ ખૂબજ ઉલ્હાસપૂર્વક ચડાવાનું તથા સંપૂર્ણ ધ્વજા મહોત્સવનું સંચાલન કરેલ, સંગીતકાર તરીકે ભાવેશભાઈ એન્ડ પાર્ટી હતી. આવતા વર્ષની ધ્વજાના લાભાર્થી શ્રી વિમલનાથ દાદાની ધ્વજા માતુશ્રી કાંતાબેન શિવજી મૈશેરી પરિવાર હસ્તે નીલમબેન વિજય મૈશેરી, નાની સિંધોડી-ભાંડુપ તથા શ્રી ગૌતમ સ્વામી ધ્વજાનો લાભ માતુશ્રી તારાબેન મધુકાંત પદમશી ખોના પરિવાર, જખૌ-ઘાટકોપર અને શ્રી મહાકાલી માતાજીની ધ્વજા માતુશ્રી વિજયાબેન કિશોરકાંત ધુલ્લા પરિવાર સુથરી-વાપી-વડોદરાએ લીધેલ હતો.



ઉત્સવ દિને અગાઉ શુક્રવાર તા.૨૯ જાન્યુઆરીના સૌ દાતા પરિવારો, પ્રતિષ્ઠાના લાભાર્થી અને ટ્રસ્ટીઓ સૌ હાજર થઈ ગયા હતા. કન્વીનર શ્રીમતી કલ્પના દિપક ધરમશી અને પીયૂષભાઈ ચંદુલાલ ડાઘા તથા સર્વે ટ્રસ્ટીગણના સાથ સહકારથી ધ્વજા મહોત્સવ ઉલ્લાસભેર સંપન્ન થયો.

# શ્રી અનંતનાથજી જૈન દેરાસર મસ્જીદ બંદર મધ્યે તીર્થ પટદર્શન થશે



શ્રી પાવાપુરી તીર્થ

મુંબઈના શાશ્વત તીર્થ સમા શ્રી અનંતનાથજી જૈન દેરાસર ખારેક બજાર મસ્જિદ બંદર મધ્યે તીર્થ પટદર્શનની પરવાનગી ટ્રસ્ટ તરફથી મળી છે.

શ્રી ગીરનાર તીર્થ પટ્ટ ચિત્ર અને શ્રી આબુ તીર્થ પટ્ટ ચિત્રના લાભાર્થી - માતુશ્રી મંજુલાબાઈ શામજી ટોકરશી ખોના પરિવાર સુથરી - મસ્જીદ બંદર તથા માતુશ્રી મણીબાઈ કાંતિલાલ ખીમજી ગોસર પરિવાર બારોઈ - મસ્જીદ બંદર.

શ્રી પાવાપુરી તીર્થ પટ્ટ દર્શન ચિત્ર તથા શ્રી ચંપાપુરી તીર્થ પટ્ટ દર્શન ચિત્રના લાભાર્થી મંજુલાબાઈ શામજી ટોકરશી ખોના પરિવાર સુથરી - મસ્જીદ બંદર.

લાભાર્થી પરિવારોએ તીર્થ પટ્ટ દર્શન બનાવવાની પરવાનગી આપવા બદલ શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટના પ્રમુખશ્રી તથા ટ્રસ્ટીગણનો હૃદયપૂર્વક આભાર માન્યો છે.



શ્રી ગીરનાર તીર્થ





શ્રી ચંપાપુરી તીર્થ



શ્રી આબુ તીર્થ

# દ્વિતિય પુણ્યતિથિ



જન્મ
તા. ૧૦-૧૧-૧૯૫૭

અરિહંત શરણ
તા. ૧૦-૦૨-૨૦૧૯

## સ્વ. જ્યોતિબેન ચીમનલાલ હીરજી ખોના

(ઉ.વ.૬૨)

ગામ : નલિયા ● હાલ : માટુંગા

સમય જિંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી?
વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી,
દિવસ રાત વિતતા જશે પણ યાદ તમારી આવતી રહેશે,
કલ્પના બહારની તમારી વિદાય અમારુ કાળજું કંપાવી ગયું,
તમારી યાદ હંમેશાં અમારી સાથે રહેશે.

-: જીવનસફરના સાથી :-

ચીમનલાલ હીરજી ખોના

-: જીવનસફરના પુષ્પો :-

હેતલ નયન ખોના ● સ્વ. બિનીતા અને અ.સૌ. રાધિકા

-: જીવનસફરની વેલી : -

કેયા ● ભવ્ય

-: જીવનસફરના વટવૃક્ષો :-

માતુશ્રી લક્ષ્મીબેન હિરજી કલ્યાણજી ખોના પરિવાર
માતુશ્રી પ્રેમિલાબેન રાયચંદ ભવાનજી લોડાયા પરિવાર

-: શોકાતુર :-

**નલિયા એક્તા પરિવાર મુંબઈ**

**શ્રી ક.દ.ઓ. જૈન નલિયાવાસી ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઈ**

# અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મહારાજ સાહેબનો સંભવિત વિહાર કાર્યક્રમ



અચલગચ્છ નાયક, સાહિત્ય દિવાકર, સૌમ્ય સ્વભાવી રાજસ્થાન દિપક પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. મસ્જિદબંદર, ભાત બજાર, ઘાટકોપર તથા લાલબાગ સ્થળોએ અચલગચ્છ નાયક પદ પ્રાપ્ત થયા બાદ પ્રથમવાર સ્પર્શના કરી. પૂજ્યશ્રીનું સુંદર સ્વાગત સર્વત્ર સંઘોમાં થયું અને શ્રાવક શ્રાવિકાઓ, ગુરૂભક્તોના હૈયે ઊર્મિ લહેર ઉમટી હતી. જેનું વર્ણન થઈ શકે નહીં.

અચલગચ્છ નાયકનો આગામી સંભવિત વિહાર ક્રમ નીચે મુજબ છે. તા.૫ ફેબ્રુઆરી શુક્રવારના ખાર (વેસ્ટ), સાંતાક્રુઝ વેસ્ટ, બોરીવલી (ઈસ્ટ), રાવલપાડા દહીંસર થઈ રવિવાર તા.૭ ફેબ્રુઆરીના લોઢા ધામ હાઈવે થતાં તા.૮ સોમવારના વસઈ (પૂર્વ) એવર શાઈન નગર, તા.૯ ફેબ્રુઆરી મંગળવારે અને તા.૧૦ બુધવાર નાલાસોપારા (વેસ્ટ)માં ધ્વજા મહોત્સવે નિશ્રા પ્રદાન તા.૧૧ ફેબ્રુઆરી ગુરૂવાર રોજ આગાસ-જયેશ ભુવન, તા.૧૨ ફેબ્રુઆરી શુક્રવાર વિરાર વેસ્ટ, તા.૧૩ શનિવાર નાલાસોપારા (પૂર્વ), તા.૧૪ ફેબ્રુઆરી રવિવાર, તા.૧૫ ફેબ્રુઆરી સોમવાર વિરાર પૂર્વના પરમાત્મા પાર્કમાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા. જન્મ શતાબ્દિ વિહારધામ મધ્યે ચલ પ્રતિષ્ઠા અને જગત નિષરંજન ચંદ્રમણિ વિરાલયમનું ઉદ્ઘાટન, તા.૧૬થી તા.૨૦ ફેબ્રુઆરી સોમવાર નિર્મલ, તા.૨૩ મંગળવારથી તા.૨૭ ફેબ્રુઆરી શનિવાર સુધી વસઈ (વેસ્ટ) સંઘમાં સ્થિરતા, તા.૨૮ રવિવાર લોઢા ધામ, તા.૧ માર્ચ સોમવયાર પીયૂષ પાણિ, તા.૨ માર્ચ મંગળવાર ભાયંદર (વેસ્ટ) બુધવાર તા. માર્ટ શીતલ નગર મીરા રોડ, તા.૪ માર્ચ ગુરૂવાર શક્તિ નગર દહિસર, તા.૫ માર્ચ દહીંસર ... નગર, તા.૬ માર્ચ શનિવાર બોરીવલી (વેસ્ટ), તા.૭ માર્ચ રવિવાર તા.૮ માર્ચ સોમવાર કાંદિવલી વેસ્ટ, તા.૯ માર્ચ અન અને ૧૦ માર્ચ મંગળવાર તથા બુધવાર મલાડ (વેસ્ટ), ગુરૂવાર તા.૧૧ માર્ચ ગોરેગાંવ વેસ્ટ, તા.૧૨ માર્ચ શુક્રવાર જોગેશ્વરી પૂર્વ અને તા.૧૪ માર્ચ રવિવારથી તા.૧૬ માર્ચ મંગળવાર ઘાટકોપર જીરાવલ્લા દેરાસર ધ્વજા અને અસલ્ફા વાસુપૂજ્ય જિનાલય ધ્વજા મધ્યે નિશ્રા પ્રદાન કરશે.

ઉપરોક્ત વિહાર કાર્યક્રમમાં સંજોગોધીન ફેરબદલ થઈ શકે છે. સંઘનો કાર્યક્રમ ગોઠવતાં પૂર્વ રણછોડ-૮૩૬૯૩૮૦૬૦૦નો સંપર્ક કરવો જ્યારે શ્રી સંઘોનો કાર્યક્રમ રૂબરૂ આવી ગોઠવી જવા વિનંતી.

---

# ક.દ.ઓ.જૈન મહાજન ઈન્દૌરની નવી કાર્યકારિણીની વરણી કરાઈ

તા.૩૦ જાન્યુઆરી શનિવારના રોજ લોટસ કેફેમાં શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન ઈન્દૌરની કાર્યકારિણીની મિટીંગ સંપન્ન થઈ. શરૂઆતે પ્રમુખ સ્વ. સુમનભાઈ કામાણીને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી. બંધારણ પર વિસ્તારપૂર્વક ચર્ચા વિચારણ કરાયા બાદ નવી કાર્યકારિણીની વરણી કરાઈ. જેમાં પ્રમુખ પદે મણિલાલભાઈ પદમશીભાઈ દંડ, ઉપપ્રમુખ તરીકે નીતિનભાઈ રમેશભાઈ નાગડા, સચિવપદે ચેતન કલ્યાણજીભાઈ લોડાયા, સહસચિવ તરીકે ચંદ્રેશભાઈ લક્ષ્મીચંદભાઈ લોડાયા, ખજાનચી પદે સુધીરભાઈ પાસુભાઈ લોડાયા ઉપરાંત કાર્યકારિણી સભ્યો તરીકે પરેશભાઈ મહેન્દ્રભાઈ ધરમશી, દિનેશભાઈ સુમનભાઈ કામાણી, રાજેશભાઈ દિનેશભાઈ ધરમશી, મયૂરભાઈ આણંદજીભાઈ મોતા, હિતેશભાઈ રતિલાલ નાગડા, વૈભવભાઈ વસંતભાઈ ખોના તે સાથો સાથ મહિલા સમિતિમાં શ્રીમતી ચેતનાબેન નરેશભાઈ નાગડા, શ્રીમતી હેતલબેન નિમેષભાઈ મૈશેરી તથા યુવા સમિતિમાં હેમંતભાઈ જીવરાજભાઈ મોતા અને સમિતભાઈ રમેશભાઈ લોડાયા.

જે જ્ઞાતિજનો જવાબદારી લેવા ઈચ્છતા હોય તેઓએ સચિવથી સંપર્ક કરે એવો અનુરોધ કરાયો છે. સૂઝાવ આવકાર્ય છે.

# ગુણોદય પૂરમ મધે સિધ્ધચક્ર તથા સર્વકામના સિધ્ધિ દાયક મહાલક્ષ્મી યંત્રપૂજનના મહાવિધાન સાથે આરાધના થઈ





મનોકામના પૂરક, વિધ્નનાશક સમૃદ્ધિ દાયક ગુરૂપુષ્પામૃત સિધ્ધિયોગના શુભદિવસે શત્રુંજ્ય તીર્થની છાયામાં આદિનાથ દાદાના સાંનિધ્યમાં અજોડ શાસન પ્રભાવક, સળંગ ૧૯મા વર્ષીતપના તપસ્વીરત્ન, સૂરિમંત્ર, પંચ પ્રસ્થાન સાધક પ.પૂ. આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણાની પાવનકારી નિશ્રામાં ગુણોદય પૂરમ મધે સિધ્ધચક્ર તથા સર્વકામના સિધ્ધિ દાયક મહાલક્ષ્મી યંત્રપૂજનનો મહાવિધાન સંગીતની સૂરાવલીઓ સાથે ઉત્સાહ અને ઉમંગ સાથે ભાવિકોની સારી સંખ્યાની ઉપસ્થિતિમાં રંગચંગે સંપન્ન થયો.




# અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મહારાજ સાહેબના સાંતાક્રુઝ સંઘમાં પગલાં




તા.૫ ફેબ્રુઆરી શુક્રવાર રોજ શ્રી સાંતાક્રુઝ અચલગચ્છ જૈન સંઘના આંગણે અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિઠાણા તથા પ.પૂ.શ્રી તારકગુણાશ્રીજી મ.સા. પગલાં કર્યા. ચતુર્વિધ સંઘની હાજરીમાં પૂજ્યશ્રીઓનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરાયું. દર્શન વંદન અને વાણીનો પુનિત લાભ પામી સૌ ધન્ય થયાં હતાં.

# કોઠારા તીર્થે શાંતિનાથ પ્રભુજીના અભિષેક ભક્તિ ભાવપૂર્વક થયાં





કચ્છ પ્રાંતના અબડાસા તાલુકાના મોટી પંચતીર્થીના કોઠારા તીર્થાધિપતિ શ્રી શાંતિનાથ પ્રભુજીના અભિષેકનો કાર્યક્રમ પ.પૂ.સાધ્વીશ્રી કલ્પરસાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી હિતદર્શાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી યોગદ્રષ્ટિશ્રીજી મ.સા.ની શુભકારી નિશ્રામાં યોજાયો હતો.




કોઠારા તીર્થ મંડન શાંતિનાથ પ્રભુજીના પાંચ અભિષેકનો લાભ સર્વે શ્રાવક શ્રાવિકાઓએ લીધો હતો. ગીત સંગીતની રમઝટ ગીતાબેન ઝવેરી, જયાબેન મુનવર, રમિલાબેન લોડાયા, પ્રબોધ મુનવર, પ્રેમચંદ મોમાયાએ જમાવી હતી. પ્રભુજીની આરતી મંગલ દીવો શાંતિ કળશ યોજાયા હતા. સ્તવન-રાસ ચામર નૃત્યુની રમઝટ ભવ્ય રીતે જામી હતી.

સ્વામિવાત્સલ્યનો લાભ માતુશ્રી સોનબાઈ હીરજી નરશી લોડાયા પરિવાર, માતુશ્રી સોનબાઈ ચત્રભોજ શામજી નાગડા પરિવાર તથા માતુશ્રી કસ્તુરબાઈ હીરાચંદ મુનવર પરિવારે લીધો હતો. ઉપાશ્રય મધ્યે કોઠારા જૈન સંઘ દ્વારા પરમપૂજ્ય સાધ્વી શ્રી અરૂણપ્રભાશ્રી મ.સા.ને ૧૧મી પુણ્યતિથિએ તથા પ.પૂ.સાધ્વી શ્રી ભાવપૂર્ણાશ્રીજી મ.સા.ને ભાવાંજલિ અપાઈ હતી.

કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે કર્યું હતું. વ્યવસ્થામાં કાંતિલાલ લાલકા, વર્ધમાન લોડાયા, રિધ્ધિ મોતા, પુષ્પાબેન અજાણી, જ્યોતિબેન લાલકા, કલ્પનાબેન ધરમશી, ગુણવંતીબેન મોતા, રેખાબેન લોડાયા, ડિમ્પલ ધરમશીએ સહકાર આપ્યો હતો.

# કરંજગવ્હાણ ગામે શ્રી પાર્શ્વપ્રભુની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાઈ





વિધિપક્ષ ગચ્છ (અચલગચ્છ)ના સમુદાયના પ.પૂ. મુનિરાજ શ્રી તીર્થરત્નસાગરજી મ.સા. જેમનો ૧૮મો વર્ષી તપારાધક ચાલી રહેલ છે. તેઓનો ઈતિહાસમાં રજત અક્ષરે નામ કંડારાઈ જાય એવું કાર્ય તેમણે કર્યું છે એટલે કે કરંજ ગવ્હાણ ગામમાં પ્રભુ પાર્શ્વ પ્રભુજીની દાર્શનિક પ્રતિમાની પ્રતિષ્ઠા તા.૫ ફેબ્રુઆરી શુક્રવાર દિને શુભમુહર્તે શુભ ઘડીએ મંત્રોચ્ચાર પૂર્વક કાર્ય મુનિરાજો તથા મુમુક્ષોની હાજરીએ સંપન્ન કરેલ છે. જેની અનુમોદના સહુએ કરવી જોઈએ. આવનાર સાધુ સાધ્વીજી દર્શન વંદનનો લાભ લઈ સમ્યક દર્શન નિર્મળ કરી પરમપદનું ભાથું બાંધે તેવી શુભ ભાવના.

# દિનેશ રતિલાલ નાગડા ચોકનું લોકાર્પણ કરાયું






માટુંગા (ઈસ્ટ) સે.રે.માં ભંડારકર રોડ પાસે સમાજસેવક દિનેશ રતિલાલ નાગડા ચોકનું ઉદ્‌ઘાટન માટુંગા પૂર્વ વોર્ડ નં.૧૭૭ના નગરસેવિકા નેહલ અમર શાહ ખોનાના હસ્તે થયું. આ પ્રસંગે સમાજના વિવિધ અગ્રણીઓ અને પરિસરના રહેવાસીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

દિનેશ રતિલાલ નાગડા સ્થાનિકે સમાજસેવક તરીકે તથા સિવિલ ડિફેન્સ વોર્ડન તરીકે નામ જમાવ્યું હતું. ઈન્ડિયા પાકિસ્તાન ૧૯૭૧ સિવિલ વોર સમયે તેઓ ઉતમ સેવા બજાવી હતી. એમની સેવા સૌને પ્રેરણારૂપ રહે એ માટે મનપા દ્વારા તેમને આ રીતે સ્મૃતિ અંજલિ અપાઈ છે.

# વર્ધમાનનગરે પધારેલા જૈનમુનિવરોનું સ્વાગત કરાયું



અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ. સા.નાં પ્રશિષ્ય પૂ.મુનિરાજ શ્રી રાજરત્ન સાગરજી મ. સા., પૂ.મુનિરાજ શ્રી કંચનસાગરજી મા.સા., પૂ. મુનિરાજ શ્રી ભાગ્યોદયસાગરજી મ. સા. આદિઠાણા ભુજ નજીક જૈનોનાં વર્ધમાનનગરે પધારતા શ્રી વર્ધમાનનગર જૈન સંઘ દ્વારા ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવેલ. સ્વાગત યાત્રામાં શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં જોડાયા હતા.

જિનાલયે દર્શન-ચૈત્યવંદન કરી ઉપાશ્રય પહોંચી પૂજ્યશ્રીઓએ માંગલિક શ્રવણ કરાવ્યું હતું. ગીતાબેન ઝવેરીએ સ્વાગત ગીત રજુ કરેલ. વર્ધમાનનગર જૈન સંઘ દ્વારા પૂજ્યશ્રીઓને ચાતુર્માસ માટે તથા વિમલનાથ જન્મકલ્યાણ દિને નિશ્રા આપવા વિનંતી કરાઇ હતી. કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે આભાર દર્શન દિપક લાલને કરેલ.

# ૨૦૨૧ની અનંતનાથજી યુથ ફોરમ કાંજુરમાર્ગની નવી કમિટી

૨૦૨૧ની અનંતનાથજી યુથ ફોરમ કાંજુરમાર્ગની નવી કમિટી નિમાયેલ છે તેની યાદી નીચે પ્રમાણે છે.

પ્રેસિડન્ટ-ગૌરવ એમ.વિકમશી (વરાડીયા), વાઈસ પ્રેસિડન્ટ-કુનાલ કે. નાગડા (નલિયા), સેક્રેટરી-જીલ વી. ખોના (સાયરા), જોઈન્ટ સેક્રેટરી - કેવલ જે. મોમાયા (સાયરા), ટ્રેઝરર - ઉર્વેશ બી. છેડા (નલિયા), જોઈન્ટ ટ્રેઝરર - હેમંત એમ. લોડાયા (સાયરા), કમિટી મેમ્બર - વિપુલ વી. ખોના (સાયરા), હર્ષલ કે. નાગડા (જખૌ), કેવિન એન. લોડાયા (વારા પધ્ધર), જુગલ ડી. શાહ (રંગપુર), ઉજાસ પી. ધરમશી (સુથરી).

---

## ફુલ ખીલે ગુલશન ગુલશન



દંડ પરિવાર
માતા - પૂજા
પિતા - રાજ
ગામ - લાલા
હાલ - ઘાટકોપર (પૂ)
જન્મ - ૧૬-૦૧-૨૦૨૧



**શૈવી**

---


**UNLOCK YOUR BUSINESS**
Under KDO B2B Platform

**To boost your business is only KDO B2B's motto**

Get your Business Advertisement FREE in our weekly emagazine GYATIMAIYA at 1st come 1st basis

Advertisement for any of your business, gruh udhyog, profesional services, etc.

Home operate business also can be advertised




KDO BUSINESS

For further information please call 90990 41414 (Sheetal Dhulla)

# તિરૂપુર સંઘમાં શ્રી વિમલસાગરસૂરિશ્વરજી મ.સા.ની પધારમણી





પ.પૂ.આચાર્ય શ્રી વિમલ સાગરસૂરિશ્વરજી મ.સા. તિરૂપુર સંઘના સુવિધિનાથ જૈન મંદિરે તા.૧ ફેબ્રુઆરી સોમવાર સવારના કોઈમ્બતુરથી વિહાર કરતા પહોંચ્યા તેમનું સંઘના શ્રાવક શ્રાવિકાઓએ ઉત્સાહપૂર્વક સામૈયું કરવું હતું.

તા.૧ થી ૫ ફેબ્રુઆરી સુધી પૂજ્યશ્રીની સ્થિરતા રહી હતી. સવારે ૯ થી ૧૦.૩૦ દરમ્યાન ૧૦૦ થી ૧૫૦ જેટલા શ્રોતાઓ તેમના મુખેથી જ્ઞાનગંગાના સલિલ ઓજસ્વી પ્રવચન શ્રવણનો લાભ લેતા હતા. દીપક છેડા, રતિલાલ વર્શી હાજર રહ્યાં હતા. દેરાસરના પ્રથમ હંસરાજ નાગડા, ટ્રસ્ટીઓએ મહારાજ સાહેબની તમામ વ્યવસ્થા કરી હતી.

કર્ણાટક, ઈરોડ, કોઈમ્બતુરના મહેમાનો, સમાજજનો વંદન માટે આવ્યા હતા. તા.૫મી ફેબ્રુઆરી શુક્રવાર પ.પૂ.આચાર્ય વિમલસાગરસૂરિશ્વરજી મ.સા. તિરૂપુરથી ઈરોડ પ્રતિ વિહાર પ્રયાણ કર્યું હતું.




# ઘાટકોપર જીરાવલ્લા દરબારે અચલગચ્છનાયક પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની પધરામણી




તા.૧ ફેબ્રુઆરી સોમવાર રોજ સવારે ઘાટકોપરમાં જીરાવલ્લા દરબારે અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિઠાણા પધારેલ હતા. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉત્સાહપૂર્વક સામૈયું કર્યું હતું. પૂજ્યશ્રીની પધરામણીથી સંઘના ભાવિકોમાં હર્ષ ઉલ્હાસની લાગણી વર્તાઈ હતી.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**ખુશાલ ખીમજી ખોના**
તા.૫ ફેબ્રુઆરી (ઉ.૭૩)
કોઠારા-આદિપુર



**શાંતિલાલ ખીંયશી છેડા**
તા.૪ ફેબ્રુઆરી (ઉ.૭૮)
જસાપુર-અમદાવાદ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે**


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● રણોત્સવને પગલે પૂર્વ બન્ની પંથકમાં વિદેશ પર્યટકો માટે ભારે આકર્ષણ રૂપ ગ્રામીણ છાંટ ધરાવતા ભૂંગા ધારી હોટલોનો વ્યાપ દિન પ્રતિદિન વધતો જાય છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ખ્યાતનામ ઓનલાઈન બુકીંગ એજન્સી ટ્રાવેલ મીથ દ્વારા હોડકોની મહેફિલએ રણ વિલેજ રિસોર્ટને કચ્છની શ્રેષ્ઠતમ ત્રણ હોટલમાં સ્થાન આપી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ખ્યાતિ વધારી બહુમાન કર્યું છે. ટ્રાવેલ મીથ એજન્સીના ઓનલાઈન નેટવર્ક ૫૪ કેટેગરીની કુલ્લ બત્તીસ લાખથી વધુ હોટલોની માહિતી ઉપલબ્ધ છે. વર્ષ ૨૦૨૦-૨૧માં આંતરરાષ્ટ્રીય એજન્સી દ્વારા પ્રવાસીઓના થયેલા બુકિંગ બાદ પ્રવાસીઓના ઓનલાઈન અભિપ્રાય બાદ આ સર્વશ્રેષ્ઠ યાદી જાહેર કરાઈ છે. આ ઉપરાંત પરિવારો માટે શ્રેષ્ઠ સુવિધા સભર પસંદ થયેલી ૨૦ જેટલી હોટલોમાં પણ આ રિસોર્ટની પસંદગી કરવામાં આવી છે.

● ફેમ ઈન્ડિયા એશિયા પોસ્ટ દ્વારા દેશ ૨૫ શ્રેષ્ઠ સાંસદોની યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં વ્યવહાર કુશળ સાંસદ તરીકે કચ્છના સંસદ સભ્ય વિનોદભાઈ ચાવડાની પસંદગી કરાઈ છે. જનતા સાથે જોડાણ સેવાકીય છબી, કાર્યશૈલી, સદનમાં નિયમિત ઉપસ્થિતિ લોકસભાની ડિબેટમાં સક્રિયપણે ભાગ લેવો, પ્રશ્નોત્તરીનો હિસ્સો બનવો, સાસંદ નિધિનો લોકપયોગી કાર્ય માટે ઉપયોગ તેમજ સામાજિક સહભાગીતાના મુખ્ય માપદંડ સાથે આ વરણી કરાઈ હતી.

● આદિપુર, અંજાર, ભુજના યુવાનો દ્વારા લુપ્ત થતાં પુસ્તકાલયોની ચિંતાનો સામનો કરવા આત્મીય રેન્ટલ લાયબ્રેરી ઓનલાઈન પોર્ટલ બહાર પાડવામાં આવ્યું છે. વેબસાઈટ પર જઈને અથવા ક્યુ.આર.કફોડ સ્કેન કરીને પુસ્તકો વાંચી શકાશે. આજના યુવાનોનો ઈન્સ્ટ્રાગ્રામ અને ફેસબુકના ક્રેઝમાંથી બહાર લાવવા પુસ્તકો તરફ વાળવા એક પ્રયાસ કરાયો છે. આ ઓનલાઈન લાયબ્રેરીઝ તમામ ઉપયોગી પુસ્તક નાના બાળકોથી લઈને વડીલો, મહિલાઓને ગમતાં એવા પુસ્તકો ઓનલાઈન મૂકાવામાં આવ્યા છે.

● ભુજની માનવ જ્યોત દ્વારા શહેરના ધનશ્યામ નગર વિસ્તારમાં આવેલા જૈન ઉપાશ્રય મંછા કેશવ સદન મધે પક્ષીઓની સેવા માટે ચકલી ઘર તેમજ પાણીના કુંડાનું વિતરણ કરાયું હતું.

● માધાપર ખાતે નટરાજ એકેડેમી ચલાવતી રાધિકા જયસુખભાઈ ટાંકએ ડિસેમ્બર ૨૦મા મેજીક બુક ઓફ રેકર્ડસ દ્વારા યોજાયેલી ડાન્સ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક મેળવી નેશનલ આઈકોન ૨૦૨૦નું ટાઈટલ મેળવ્યું છે. આ અગાઉ રાધિકા ટાંકએ અત્યાર સુધી ૧૧૨ જેટલા નેશનલ એવોર્ડ જીત્યાં છે. દેશભરમાંથી માત્ર ત્રણ વ્યક્તિની પસંદગી કરી આપવામાં આવતો ગુરૂમણિ એવોર્ડ પણ તે મેળવી છે અને સન્માનિત કરાયેલ છે.

● અંજારના પાદરે આવેલા સચ્ચિદાનંદ મંદિરના મહંત ત્રિકમદાસજી મહારાજ દ્વારા નિર્મિત ગોવર્ધન પર્વતને પ્રવાસને ધામ તરીકે વિકસાવવાના ભાગ રૂપે રાજ્યના પ્રવાસન મંત્રી દ્વારા રૂા.૧.૫૦ કરોડની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. જેના ઉપયોગીથી કોમ્યુનટી હોલ, એલઈડી લાઈટ રમતગમતના સાધનો તળાવ વિગેરેનો વિકાસ કરાશે.

● માટુંગા (સે.રે.)ના લખમશી નપુ હોલ ખાતે તા.૨૯ થી ૨જી ફેબ્રુઆરી સુધી કચ્છ કે રંગ અંતર્ગત કચ્છની બેનમૂન અને એથનિક હસ્તકળા કૃતિઓ, દુપટા, ફ્રેમ, મટિરિયલ, રજાઈ, બેડશીટ વિગેરે વેચાણ રજૂ કરાયું હતું. કોરોના લોકડાઉન કારણે કચ્છી હસ્તકળાના કારીગરો પોતાનું ઉત્પાદન વેચાણ કરી શક્યા નથી તેમને પ્રોત્સાહન આપવા આ આયોજન કરાયું હતું.

● ભુજ તાલુકાના મિયાણી પટ્ટીના અમુક ગામો એક જમાનામાં ધમધમતા હતા. કુકમાની વણાટ કલા, જાંબુડીની માટી કલા અને રેહાનો સૂડી-ચપ્પુ ઉદ્યોગ આજે કાળના થપાટ થકી અત્યારે ખંડેરમાં ફેરવાયા છે. જે તે સમયે જાહોજ લાલી હતી તે કલાધામો આજે ખંડેરમાં પલટાઈ ગયા છે.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL